પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૫ | ૬ એપ્રિલ, ૨૦૨૨, બુધવાર; ચૈત્ર સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# શાંઘાઈમાં કોરોના નાથવા સૈન્ય ઉતારાયું

## ચીનમાં ફરી કોરોનાનો હાહાકાર : હોસ્પિટલોના કોરોના વોર્ડ હાઉસફુલ છે અને આઈસોલેશન સેન્ટરોમાં પણ જગ્યા નથી, એમ્બ્યુલન્સ પણ ખૂટી પડી, ખાવા પીવાની વસ્તુઓ પણ ખુટવા માંડી



શાંઘાઈ,તા.૫

ચીનમાં કોરોનાએ ફરી હાહાકાર મચાવવાનુ શરૂ કર્યુ છે અને તેમાં સૌથી ખરાબ હાલત દેશની આર્થિક રાજધાની ગણાતા શાંઘાઈની છે.

શાંઘાઈમાં સંપૂર્ણપણે લોકડાઉન લગાવાયુ છે અને લોકોને કારણ વગર ઘરમાંથી નિકળવા પર મનાઈ ફરમાવાઈ છે. સોમવારે અહીંયા ૨.૬ કરોડ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. શહેરનુ તંત્ર લોકોના ન્યુક્લિક એસિડ ટેસ્ટ કરી રહ્યુ છે. જેમાં ખોટુ પરિણામ આવવાની શક્યતા નહીવત છે.

તંત્રનુ કહેવુ છે કે, સોમવારે તમામ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. માસ ટેસ્ટિંગ માટે બીજા શહેરના હેલ્થ વર્કર્સને બોલાવવામાં આવ્યા હતા. શાંઘાઈમાં કોરોનાના કારણે બગડી રહેલી સ્થિતિ પર કાબૂ મેળવવા માટે સેનાને ઉતારવામાં આવી છે. ૨૦૦૦ સૈનિકો શહેરમાં તૈનાત કરાયા છે.

શાંઘાઈના સેન્ટર ફોર ડિસિઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શનના સભ્યની એક ઓડિયો ક્લિપ પણ વાયરલ થયેલી છે. જેમાં આ

● અનુસંધાન પાન-૭ પર

## લ્યો બોલો, અમેરિકા રશિયા પાસેથી રોજનું એક લાખ બેરલ ઓઈલ ખરીદે છે

**અમેરિકાના જુઠ્ઠાણાની પોલ ખુલી ગઈ : રશિયા સુરક્ષા પરિષદના ઉપ સચિવ મિખાઈલ પોપોવના અનુસાર અમેરિકાએ ક્રૂડ ઓઈલની ખરીદીમાં ૪૩%ની વૃદ્ધિ કરી**

મોસ્કો,તા.૫

રશિયાના અધિકારીએ કહ્યું છે કે, અમેરિકા તરફથી રશિયા પાસેથી મોટા પ્રમાણમાં ઓઈલ ખરીદીને પોતાનું ઓઈલ ભંડાર વધારી રહ્યું છે અને બીજી તરફ યુક્રેન પર હુમલાનો હવાલો આપતા બીજા દેશો પર દબાણ કરી રહ્યું છે કે, તેઓ રશિયા પાસેથી ઓઈલની ખરીદી ન કરે. રશિયા સુરક્ષા પરિષદના ઉપ સચિવ મિખાઈલ પોપોવે રવિવારે રશિયન મીડિયાને જણાવ્યું હતું કે, અમેરિકાએ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદદારી માટે છેલ્લા એક સપ્તાહમાં ૪૩%ની વૃદ્ધિ કરી છે. એટલે કે અમેરિકા રશિયા પાસેથી દરરોજ એક લાખ બેરલ કરતાં વધુ ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યું છે.



એક અહેવાલ પ્રમાણે રશિયન અધિકારીએ કહ્યું કે યુરોપે યુએસ પાસેથી આવા જ 'આશ્ચર્યજનક વલણ' ની અપેક્ષા રાખવી જોઈએ. પોપોવે કહ્યું કે, આ ઉપરંત અમેરિકાએ પોતાની કંપનીને રશિયા પાસેથી ખનીજ ખાતર ખરીદવાની મંજૂરી આપી છે. તેને આવશ્યક વસ્તુના રૂપમાં માન્યતા આપી છે.

યુરોપ ક્રૂડ ઓઈલ અને પ્રાકૃતિક ગેસ માટે રશિયા પર નિર્ભર છે. આ જાણવા છતાં પણ અમેરિકા અને તેના યુરોપીય સહયોગી રશિયન ઓઈલ પર પ્રતિબંધ લગાવવાની વાત કરી રહ્યા છે. અમેરિકા અને બ્રિટન બંને પર રશિયન તેલ પર પ્રતિબંધો લાદવાનું દબાણ છે. બ્રિટને એમ પણ કહ્યું છે કે, તે વર્ષના અંત સુધીમાં તબક્કાવાર રીતે રશિયન ઓઈલ પરની તેની નિર્ભરતા સમાપ્ત કરશે. અમેરિકાએ પણ કહ્યું છે કે, તે ૨૨ એપ્રિલ સુધીમાં રશિયન ઓઈલ અને કોલસાની આયાત બંધ કરી દેશે.

## ભારતમાં પાક.ની ૨૨ યુટ્યૂબ ચેનલો બ્લોક

**ભારત વિરોધી ગતિવિધિઓ અને પ્રચારનો આરોપ : ભારત સરકાર દ્વારા ૩ ટ્વિટર એકાઉન્ટ, એક ફેસબુક એકાઉન્ટ અને એક ન્યૂઝ વેબસાઈટને પણ બ્લોક કરી દેવાઈ**

નવી દિલ્હી,તા.૫

સરકાર દ્વારા ભારત વિરોધી ગતિવિધિઓ અને પ્રચારને કારણે ૨૨ યુટ્યુબ ચેનલો બ્લોક કરવામાં આવી છે. આમાંથી ૪ ચેનલ પાકિસ્તાનની છે. અગાઉ આ વર્ષે જાન્યુઆરી મહિનામાં પણ સૂચના અને પ્રસારણ મંત્રાલય દ્વારા આવી જ કાર્યવાહી કરવામાં આવી હતી. દેશની સુરક્ષા, વિદેશ સંબંધો અને સરકારના આદેશો વિશે ખોટી માહિતી ફેલાવતી યુટ્યુબ ચેનલો પર સરકારનો ડંડો ચાલી રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા આવી ૨૨ યુટ્યૂબ ચેનલો બ્લોક કરવામાં આવી છે. આમાંથી ૪ ચેનલ પાકિસ્તાનની છે. આ સાથે ૩ ટ્વિટર એકાઉન્ટ, એક ફેસબુક એકાઉન્ટ અને એક ન્યૂઝ વેબસાઈટને પણ બ્લોક કરી દેવામાં આવ્યા છે. માહિતી અને પ્રસારણ મંત્રાલય દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે.

આ તમામ ચેનલો તરફથી લોકોમાં ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી હતી. બ્લોક તમામ ચેનલોને ૨૬૦ કરોડ વ્યુઝ છે. આવી વધુ ચેનલો બ્લોક કરી શકાય છે. મંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે ભવિષ્યમાં પણ ષડયંત્ર રચવા, જુઠ્ઠાણા ફેલાવવા અને સમાજમાં ભાગલા પાડવા માટે આવા કોઈપણ એકાઉન્ટને બ્લોક કરવા માટે ભારત સરકાર દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.

## અયોધ્યામાં બસ પલટી જતાં ત્રણનાં મોત, ૩૦ ઈજાગ્રસ્ત

**બીજી બસને ઓવરટેક કરવા જતાં અકસ્માત સર્જાયો : અકસ્મતાને પગલે હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા, મૃતકોના પરિજનોને ૨-૨ લાખ રૂપિયા વળતરની જાહેરાત**

ફૈજાબાદ,તા.૫

મંગળવારે અયોધ્યામાં બસ પલટી જતાં ત્રણ જેટલા લોકોના મોત થયા છે, જ્યારે ૩૦ જેટલા લોકોને



ઈજાઓ થતાં સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે જણાવ્યું કે ખાનગી બસ અયોધ્યા-ગોરખપુર હાઈવે પર બીજી બસને ઓવરટેક કરવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે તેણે કાબૂ ગુમાવ્યો અને પલટી જતા અકસ્માત નડ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાવને પગલે મોટી સંખ્યામાં લોકો દોડી ગયા હતા અને બસમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયાસો હાથ ધર્યા હતા. અકસ્મતાને પગલે હાઈવે પર ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે માર્યા ગયેલા લોકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી અને મૃતકોના પરિજનોને ૨-૨ લાખ રૂપિયા વળતરની જાહેરાત કરી છે.

પોલીસે જણાવ્યું કે બસમાં રાજસ્થાનનો રજીસ્ટ્રેશન નંબર હતો જ્યારે બસમાં સવાર મુસાફરો દિલ્હીથી બસ્તી અને સિદ્ધાર્થ નગર જઈ રહ્યા હતા. આ અકસ્માત અયોધ્યામાં કેન્ટોનમેન્ટ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના મુમતાઝ નગર પાસે નેશનલ હાઈવે-૨૭ પર થયો હતો. પોલીસે જણાવ્યું કે અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ૩૦થી વધુ મુસાફરો ઘાયલ થયા છે.

અકસ્માત મામલે અયોધ્યાના એસ.પી શૈલેષ પાંડેએ જણાવ્યું હતું કે, અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા ૩૦માંથી લગભગ ૧૨ લોકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યારે અન્ય મુસાફરોને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી છે.

## અહેમદ પટેલના પુત્ર ફૈઝલના કોંગ્રેસ પાર્ટી છોડવાના સંકેત

**રાજ્યમાં રાજકીય વાતાવરણ ગરમાયું : ફૈઝલે કરેલી ટ્વીટના અનેક અર્થ કાઢવામાં આવી રહ્યા છે**

ભરૂચ,તા.૫

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ રાજનીતિમાં ગરમાવો આવી રહ્યો છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ઝટકો લાગી શકે છે. દિવગંત વરિષ્ઠ નેતા અહમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે પાર્ટી હાઈકમાન્ડને નિરાશા જાહેર કરીને પાર્ટી



છોડવાનો સંકેત આપી દીધો છે. તેમણે ટ્વીટ કર્યુ છે કે, રાહ જોતા જોતા થાકી ગયો છું, હાઈકમાન્ડ પાસેથી કોઈ પ્રોત્સાહન મળતું નથી. મારો વિકલ્પ ખુલ્લો રાખી શકું છું...!!!

ગત મહિનાના અંતમાં અહમદ પટેલના પુત્ર ફૈઝલ પટેલે જણાવ્યું હતું કે, રાજનીતિમાં ઔપચારિક પ્રવેશ વિશે હજુ સુધી ચોક્કસ નથી. જો કે, તેઓ તેમના જિલ્લામાં ભરૂચ અને નર્મદામાં પડદા પાછળ પક્ષ માટે કામ કરશે. રવિવારે એક ટ્વીટમાં ફૈઝલે કહ્યું હતું કે, ૧લી એપ્રિલથી હું ભરૂચ અને નર્મદા જિલ્લાની ૭ વિધાનસભા બેઠકોની મુલાકાત લઈશ. ફૈઝલે ટ્વીટમાં આગળ લખ્યું હતું કે, મારી ટીમ રાજકીય પરિસ્થિતિની વર્તમાન વાસ્તવિકતાનું મૂલ્યાંકન કરશે અને અમારા મુખ્ય ધ્યેયને પૂર્ણ કરવા માટે જો જરૂર પડશે તો મોટા ફેરફારો કરશે.

ત્યારબાદ આજે ફૈઝલ પટેલના ટ્વીટના ઘણા અર્થ કાઢવામાં આવી રહ્યા છે. થોડા દિવસો પહેલા ફૈઝલે કહ્યું હતું કે તે અત્યારે રાજકારણમાં જોડાઈ રહ્યો નથી અને પાર્ટીમાં જોડાવાની ખાતરી નથી. ગુજરાતમાં આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે.

ફૈઝલ પટેલે જે તે સમયે પોતે સક્રિય રાજકારણમાં ન હોવાનો દાવો કર્યો હતો. સૂત્રોનું માનીએ તો ફૈઝલ પટેલ ભરુચની વાગરા બેઠક પરથી ચૂંટણી લડવા માગે છે. ફૈઝલ પટેલ સક્રિય રાજકારણમાં આવવા માટે તૈયારી કરી રહ્યા છે. જો કે કોંગ્રેસ હાઈકમાન્ડે હજુ સુધી કોઈ જવાબ આપ્યો નથી, જેના કારણે જ તેમણે ટ્વીટ કરીને આ નારાજગી બતાવવી પડી છે. જો કે તેમણે ટેલીફોનિક વાતચીતમાં પક્ષ છોડવા અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી.

## પરભણીમાં પેટ્રોલના ભાવ દેશમાં સૌથી વધુ ૧૨૨.૬૩ રૂપિયા

**યુક્રેન યુદ્ધના કારણે આંતરરાષ્ટ્રીય ભાવને ધ્યાનમાં રાખીને બંને ઇંધણના ભાવમાં સતત વધારો થઈ રહ્યો છે**




નવી દિલ્હી,તા.૫

પેટ્રોલ અને ડીઝલના ભાવમાં રોજેરોજ વધારો થઈ રહ્યો છે. આ બંને ફ્યુઅલના ભાવ ૧૦૦ રૂપિયાને પાર કરી ગયા તે વાત તો જૂની થઈ ગઈ. ભારતના કેટલાક શહેરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ ચોંકી જવાય તેટલા વધી ગયા છે તેમાંથી એક શહેરમાં તો એક લિટર પેટ્રોલનો ભાવ રૂ. ૧૨૨ થઈ ગયો છે. મંગળવારે પણ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધુ ૮૦ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો. એટલે કે બે અઠવાડિયાની અંદર લિટર દીઠ કુલ રૂ. ૯.૨૦નો ભાવવધારો કરાયો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ આપેલા આંકડા પ્રમાણે મહારાષ્ટ્રના પરભણીમાં પેટ્રોલ રૂ. ૧૨૨.૬૩ પ્રતિ લિટરના ભાવે વેચાય છે. જ્યારે ડીઝલનો ભાવ રૂ. ૧૦૫.૨૧ થયો છે. સમગ્ર દેશમાં અહીં પેટ્રોલ અને ડીઝલનો ભાવ સૌથી વધુ છે. તેવી જ રીતે રાજસ્થાનના ગંગાનગરમાં પણ ઈંધણના ભાવ સૌથી ઉંચા હોય છે. આજે અહીં પેટ્રોલનો ભાવ રૂ. ૧૨૨.૦૫ થયો હતો જ્યારે ડીઝલનો ભાવ રૂ. ૧૦૪.૫૩ ચાલે છે. આખા દેશમાં સૌથી મોંઘું ડીઝલ આંધ્ર પ્રદેશના ચિતૂરમાં વેચાય છે. મંગળવારે અહીં ડીઝલનો ભાવ લિટર દીઠ રૂ. ૧૦૬.૮૪ હતો.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

## બુચામાં મૃતદેહોનાં ઢગલાં જોઈ યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી રડી પડ્યા

**યુક્રેનમાં રશિયાએ વિનાશ વેર્યો : બુચા શહેરમાં ૪૦૦થી વધારે મૃતદેહો મળ્યા છે અને રશિયાની સેના પર આરોપ છે કે તેણે સામાન્ય નાગરિકોની હત્યા કરી છે**

કિવ,તા.૫

રશિયાએ યુરોપના નાનકડા અને આર્થિક રીતે નબળા ગણાતા યુક્રેન પર હુમલો કરીને વિનાશ વેર્યો છે. હવે અહીં રશિયાની સેના દ્વારા નાગરિકોને પણ નિશાન બનાવવામાં આવી રહ્યા હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે. આ બધાની વચ્ચે બુચામાં બનેલી ઘટનાની મુલાકાત લેવા માટે યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ રિપોર્ટ્સ મુજબ વોલ્દોમીર ઝેલેન્સ્કી પણ ભાવુક થઈને રડી



પડ્યા હતા. તેમણે કહ્યું, વાત કરવી પણ મુશ્કેલ છે. બુચા શહેરમાં ૪૦૦થી વધારે મૃતદેહો મળ્યા છે

● અનુસંધાન પાન-૭ પર

નવી બેચીસ : તા.૧૧/૪થી
સવાર અને સાંજ

IELTS
SPOKEN
ENGLISH

UNIQSYNERGY study abroad

Call : 6359597040

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભરી શ્રદ્ધાંજલિ



સ્વ. ડાભી કૈલાસબા સુરેન્દ્રસિંહ
સ્વ. તા. ૬/૪/૨૦૨૧

જીવન એવું જીવી ગયા કે ભુલશુ નહી,
વિદાય એવી લીધી કે કદી વિસરશું નહી,
છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ
આપની અણધારી થઈ વિદાય, યાદ અમારા દિલમાં રહેશે સદાય
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના...

લી.
ડાભી સુરેન્દ્રસિંહ રામસિંહ
ડાભી યોગેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ (પુત્ર)
ડાભી જીગેન્દ્રસિંહ સુરેન્દ્રસિંહ (પુત્ર)